# પ્રસ્તાવના

'કલાગુરુ અવનીન્દ્રનાથ' એ માત્ર એક વ્યક્તિચિત્ર નથી, પરંતુ ભારતીય આધુનિક કલાના ઉદ્‌ગમસ્થાનસમાન શાંતિનિકેતનના સુવર્ણયુગનો એક જીવંત દસ્તાવેજ છે. બંગાળ સ્કૂલ ઑફ આર્ટના પ્રણેતા અને કલાભવનના આદ્ય સ્થાપકોમાંના એક એવા કલાગુરુ અવનીન્દ્રનાથ ઠાકુરનાં સ્મરણોને લેખિકા રાની ચંદે અહીં અત્યંત આત્મીયતા અને સહજતાથી આલેખ્યાં છે. આ પુસ્તક વાચકોને શાંતિનિકેતનના એ પવિત્ર આશ્રમમાં લઈ જાય છે, જ્યાં કલા, પ્રકૃતિ અને માનવતાનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ રચાયો હતો.

આ પુસ્તકનો પ્રત્યેક શબ્દ શાંતિનિકેતનના મુક્ત વાતાવરણમાં કલાગુરુના મુખેથી સરેલો છે. કલાભવનના વિદ્યાર્થીઓ સાથે વિતાવેલી ક્ષણો, આમ્રકુંજની વચમાં બેસીને થયેલી વાતો અને અવનીન્દ્રનાથની અનોખી કલાસૃષ્ટિ 'કુટુમ-કાટામ' (લાકડાના ટુકડા અને નકામી વસ્તુઓમાંથી અદ્‌ભુત રમકડાં પ્રગટાવવાની કલા)ના સર્જનની વાર્તાઓ આ પુસ્તકનું હાર્દ છે. રાની ચંદે ગુરુદેવના સાન્નિધ્યમાં આ વાતોને અત્યંત જીવંત રીતે નોંધી લીધી હતી, જે કલાના ઇતિહાસ માટે એક મૂલ્યવાન મૂડીસમાન છે.

પુસ્તકમાં એક મહાન આચાર્યની પાછળ છુપાયેલા અત્યંત માયાળુ, રમૂજી અને બાળસહજ માણસનાં દર્શન થાય છે. પ્રકૃતિનાં તત્ત્વોમાં, સૂકાં પાંદડાંઓમાં કે લાકડાના ટુકડાઓમાં પણ સૃષ્ટિની સાચી સુંદરતા જોવાની તેમની દૃષ્ટિ આપણને આશ્ચર્ય પમાડે છે. શાંતિનિકેતનમાં બાળકો અને યુવા સાધકો વચ્ચે 'અબુદાદુ' તરીકે લોકપ્રિય બનેલા કલાગુરુ જ્યારે કલાનાં ગૂઢ રહસ્યો રમતાં-રમતાં સમજાવે છે, ત્યારે વાચક પોતે પણ કલાભવનના એ ઓરડાઓમાં બેસીને તેમને સાંભળતો હોય તેવો અનુભવ થાય છે.

ગુજરાતી સાહિત્ય અને કલાપ્રેમી જનતા માટે આ પુસ્તક શાંતિનિકેતનની કલા-સાધનાને અને ભારતીય કલાના પુનરુત્થાનને સમજવા માટેનું એક અનમોલ સંભારણું બની રહેશે. આશા છે કે વાચકોને અવનીન્દ્રનાથનાં આ 'વાતોનાં ઝરણાં'માં ડૂબકી લગાવવાનો એટલો જ આહ્‌લાદક આનંદ મળશે જેટલો લેખિકાને તેને શબ્દબદ્ધ કરવામાં મળ્યો હતો.

**– સુજ્ઞા શાહ**

અવનીન્દ્રનાથનો મને ખૂબ ડર લાગતો. માત્ર હું કેમ? જોતી, બધાં જ એમનાથી ડરતા.

‘ઇન્ડિયન સોસાયટી ઑફ ઑરિએન્ટલ આર્ટ’માં ચિત્રનું પ્રદર્શન, ત્રણ ભાઈ આવતા, ત્રણ ભાઈ – જાણે સંપૂર્ણ રીતે છવાઈ જતા. લાંબા રંગીન ઝભ્ભા પહેરેલા હોય, પહેલા-પહેલા આવતા ગગનેન્દ્રનાથ, વચ્ચે સમરેન્દ્રનાથ, પાછળ અવનીન્દ્રનાથ. એક પછી એક ખુરશીમાં બેસતા – પહેલા આગળ મોટા ભાઈ, તે પછી વચલા ભાઈ અને તે પછી નાના ભાઈ. કોઈ દિવસ ગગનેન્દ્રનાથ પહેલાં અવનીન્દ્રનાથ કોચ પર બેઠા હોય એવું જોયું નથી. એવી હતી એમની રીત કે શિષ્ટાચાર.

એ ચિત્રપ્રદર્શનમાં તે વખતના મોટા જાણીતા ગુણીજનો આવતા. જોતી બધાં અવનીન્દ્રનાથથી ડરતાં. તેઓ અવનીન્દ્રનાથ સાથે બેસી હસીખુશીથી વાત કરે – એવું જોયું નથી. પ્રણામ, નમસ્કાર પતાવી, બે-ચાર શબ્દો બોલી ગગનેન્દ્રનાથ પાસે જઈને વાત કરતાં એવું જ મોટે ભાગે જોયું છે.

અમારા મોટા ભાઈ તે વખતે કલકત્તાની આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ, ચૌરંગીમાં આર્ટ સ્કૂલના મકાનમાં એમનો ફ્લૅટ. તેઓ ત્રણ ભાઈઓ આવતા, બેસતા; ડરનાં માર્યાં ચૂપ રહેતી. પાસે જઈ પ્રણામ તો કરવા જ પડે, ગગનેન્દ્રનાથ અને સમરેન્દ્રનાથને પ્રણામ કરતી અને અવનીન્દ્રનાથની પાસે જઈ પ્રણામ કરતાં જ ગગનેન્દ્રનાથના કોચ પાસે જમીન પર બેસી જતી. જાણે એમના આશ્રયે રહેતી.

મોટા ભાઈએ દીવાલ જેટલું ચિત્ર કર્યું હતું, અમે આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં. આ ચિત્ર બતાવવા કેટલીય મથામણ પછી મોટા ભાઈ અવનીન્દ્રનાથને ઘેર લઈ આવ્યા હતા. અવનીન્દ્રનાથ ચિત્ર જોઈને હુંકાર કરીને કહેતા, આ શું ચીતર્યું છે? આ શું ચિત્ર છે? નહીં તો વળી હાથમાં રાખેલી લાકડીથી ચિત્રને ઠપકારે. મોટા ભાઈ એમના તેજ મિજાજ માટે જાણીતા હતા, એ અમારા

તેજી મોટા ભાઈ શિયાવિયા થઈને બાજુએ ખસી જતા. સામે ઊભા રહેવાની હિંમત ન થતી.

આવી વ્યક્તિની બીક ન લાગે એવું કાંઈ હોય? ખૂબ જ ડર લાગતો. મારાં લગ્ન પછી પણ જ્યારે ઉત્સવ કે કોઈ કાર્યક્રમ માટે ગુરુદેવ સાથે જોડાસાંકો આવતી ત્યારે પણ સતર્ક રહેતી, જાણે અવનીન્દ્રનાથની સામે ન આવી જાઉં. દૂરથી જોતાં ભાગી જતી.

ત્યાર પછી એક દિવસ અવનીન્દ્રનાથે જ મને પાસે લીધી. એ એક મારા જીવનની પવિત્ર ક્ષણ. તે વખતે મારા પુત્ર અભિજિતની ઉંમર ચારેક વર્ષની, જ્યારે ગુરુદેવ કાલિમ્પોંગથી માંદા થઈને પાછા આવ્યા હતા. ટ્રેનની બારીમાંથી હાવડા સ્ટેશને એમને સ્ટ્રેચર સાથે બહાર કાઢ્યા. બેભાન જાણે, કેટલી ચિંતા, કેટલો ઉદ્વેગ, જોડાસાંકોના ઘરમાં રાતદિવસ ત્યારે કેટલી ધમાલ.

અવનીન્દ્રનાથ આ ઘેરથી બીજા ઘેર. નીચેના માળ સુધી વારંવાર આવે અને પાછા જાય. ઉપર ન જાય. કહે, હિંમત નથી થતી. પાછા જઈને પણ એમને શાંતિ ન મળે. પાંચ નંબરથી છ નંબરના વચ્ચેના આંગણામાં જાણે દોડ્યા-દોડ્યા આવે, એવી જ રીતે બીજા માળના લાંબા વરંડામાં જલદી-જલદી થોડા આગળ આવી, લાકડીનો ટેકો લઈ થોડી વાર ઊભા રહે. કહે, અહીંથી જ કહો તમે, રવિકા કેમ છે? ના, ના, અંદર નહીં જાઉં, અહીંયાંથી જ તમે કહો, રવિકા કેમ છે? ના, ના, અંદર નહીં જાઉં, હું નહીં જોઈ શકું, સાંભળતાં પણ કેટલું દુઃખ થાય છે. કહીને, એમની હાથની લાંબી આંગળીઓથી ના, ના, બતાવી પાછા એવી જ રીતે જતા રહે. આમ બે વાર એમનું જવા-આવવાનું ચાલતું.

ધીરેધીરે ગુરુદેવની સ્થિતિ સારી થવા માંડી. થોડા વખત પછી વધારે સારી થઈ. જોકે સંપૂર્ણ રીતે સારી નહોતી થઈ, પણ ઘણા સ્વસ્થ અને સારા થઈ ગયા હતા.

અવનીન્દ્રનાથ રવિકાની ખબર સાંભળીને ખૂબ ખુશ થઈ ગયા. હજી પણ રવિકાના ઓરડામાં જતા નહીં, તો પણ બીજા માળના વરંડામાં થોડેક દૂર એક કોચ પર બેસી બે વખત થોડો સમય રહેતા. પાસે જે મળે એની સાથે વાતો કરતા.

રોજ એમને દૂરથી જોઉં.

અમારા થોડાક લોકો ઉપર ગુરુદેવની સારવારનો ભાર હતો. કલાકે-કલાકે અમારો વારો બદલાતો. સમય મુજબ બધાં નાહીધોઈ તૈયાર થઈને રહેતાં.

અવનીન્દ્રનાથ નિયમિત આવે, તે દિવસે પણ આવ્યા. રવિકાની ખબર પૂછી રોજની જેમ કોચ ઉપર બેઠા. જાણ્યું કે રવિકા સૂતાં-સૂતાં જ કવિતા લખે છે એટલે વધારે ખુશ થઈ ગયા. એટલે દરેકને એક પછી એક બોલાવી વાતો કરવા લાગ્યા.

લાંબા વરંડામાં એક પછી એક ઓરડા. હું તે વખતે સ્નાન પતાવી વરંડાથી પ્રતિમાદીદીના ઓરડામાં જતી હતી. થોડીક અન્યમનસ્ક હતી. જતાં-જતાં અચાનક ઊંચે જોયું, એક જ હાથ દૂર અવનીન્દ્રનાથ બેઠા છે.

વરંડાની રેલિંગને અઢેલીને બહારની બાજુ મુખ રાખીને તેઓ બેઠા હતા. હું એમની પાછળની બાજુ હતી. એમને જોઈને હું ઊભી રહી ગઈ, ચાલવાનો અવાજ બંધ થઈ ગયો. અવનીન્દ્રનાથને ખબર પડી. એમ જ બેસીને પૂછ્યું : “કોણ?”

કૃષ્ણ કૃપલાની પાસે હતાં. કહે, “રાણી.” અવનીન્દ્રનાથ બોલી ઊઠ્યા : “હં, ભાગી જાય છે?” મારી તો જે સ્થિતિ! પાછી પણ જઈ ન શકું, આગળ આવવાનો પણ ડર. શું કરું? અવનીન્દ્રનાથ આકાશ તરફ તાકતા બેસી રહ્યા છે. ધીરેધીરે પાસે જઈને પ્રણામ કર્યા. થયું, પ્રણામ કરીને તરત ઊઠી જઈશ. કહે – બેસ.

કૃષ્ણ કૃપલાની ત્યાં સુધીમાં ઊભા થઈ ગયા. હું નિરુપાય, અસહાય. છાતી ધકધક થાય છે. ભયથી ત્રસ્ત થઈ સંકોચાઈને એમ જ બેસી રહી. પ્રણામ કરતી વખતે જે રીતે ઢીંચણ વાળીને બેઠી હતી તેવી રીતે. આવી રીતે થોડો વખત પસાર થયો. અવનીન્દ્રનાથ કહે, “આજ એક હંસોનું ટોળું પકડ્યું છે.” આંખમાં જાણે હસવાનો ભાવ. કહે, “કેટલું સુંદર ટોળું.”

એમના મુખ ઉપર હાસ્યની રેખા ફૂટી નીકળી. કહે, “બે બાજુ બે પાંખો ફેલાવી એ ઊડે છે, ઊડ્યા જ કરે છે.”

અવનીન્દ્રનાથ એક વાર રોકાય, પાછા બોલે. કહે, “ભૂરા આકાશમાં એ ઊડે જાય છે. તડકાથી ઝીલમીલ થતા ધાનનાં ખેતર ઉપરથી ઊડે જાય છે. એકલા-એકલા ઊડે જાય છે.” એમનું મુખ અને આંખો ફરીથી હાસ્યથી ભરાઈ ઊઠ્યાં.